# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
## યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,
## સુરત–૭

### : સિન્ડિકેટની તાકીદની સભા :

**ખાનગી** **સિન્ડિકેટની તાકીદની**
**સભા**
ફકત સભ્યોની જાણ માટે તા: ૨૯–૪–૨૦૦૩

### –: કાર્યવાહી :–

સિન્ડિકેટની તાકીદની (Urgent) સભા મંગળવાર, તા: ૨૯–૪–૨૦૦૩ ના રોજ બપોરે, ૪–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડો. જયેન્દ્રકુમાર જગન્નાથ ભટ્ટ (ઉપ કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર |
| ૬. | આચાર્યશ્રી રસેશ ચંદ્રસુખરામ શુકલ | હાજર |
| ૭. | આચાર્યશ્રી ડો. બોમી બરજોરજી કાવીના | હાજર |
| ૮. | ડો. કિશોર રતીલાલ દેસાઇ | હાજર |
| ૯. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૦. | પ્રા.ડો. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ | હાજર |
| ૧૧. | પ્રા. ગિરીશભાઇ નવનીતલાલ રાણા | હાજર |
| ૧૨. | શ્રી. કિશોરભાઇ રામજીભાઇ વાઘેલા | હાજર |
| ૧૩. | પ્રા. અનિલભાઇ જગદીશચંદ્ર ગોયલ | હાજર |
| ૧૪. | પ્રા. ભગવાનદાસ ગાંડાલાલ પંચાસરા | હાજર |

(૧) સિન્ડિકેટની, તા: ૧૭/૧૯/૨૧/૨૩–૪–૨૦૦૩ ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: સિન્ડિકેટની કાર્યવાહી નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી.

- ઠરાવ નંબર ૪ માં નંબર–૨માં 'સંસ્થા પાસેથી' સંશોધન માટે યાદી મંગાવવી અને અનુક્રમ ૩માં પી.એચડી ગાઈડની યાદી મંગાવવી એ શબ્દ રદ કરવો.
- ઠરાવ નંબર ૮ માં સમિતિના ત્રણ નામો રદ કરવા અને જે સ્થાનિક તપાસસમિતિ જવાની છે તે સભ્યોને આ કામગીરી સોંપવી.
- ઠરાવ નંબર ૨૦ માં ઉનાળુ વેકેશન તા.૧૭–૭–૨૦૦૩ થી તા.૧૪–૮–૨૦૦૩ ના બદલે ૧૩–૮–૨૦૦૩ ગણવી અને શૈક્ષણિક સત્ર ૨૦૦૩–૦૪ નું પ્રથમ સત્ર તા.૧૪–૮–૨૦૦૩ ના રોજ થી શરૂ કરવું.
- ઠરાવ નંબર ૨૩માં ભાસ્કર તન્નાનું રૂ.૧૦,૦૦૦/– ના બદલે બાકી રહેતા બીલો સામે રૂ.૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ) નું એડહોક ચૂકવણુ કરવું. આ ઠરાવ સામે આચાર્યશ્રી આર.સી.શુકલ ધ્વારા લેખિત વાંધો રજૂ થયો હતો. તે પૈકી 'લેખિત' વાંધો શબ્દ રદ ગણવો અને તેના બદલે 'ના સંમતિની'– નોંધ રજૂ થઈ હતી. તેમ ઉમેરવું.
- ઠરાવ નંબર ૨૫માં આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લેવી તેના સિવાયની બાકીની બાબતો રદ ગણવી.
- ઠરાવ નંબર ૨૬માં આથીઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લેવી તથા 'આનુંષગિક વહીવટી કાર્યવાહી કરવી'. આ શબ્દ ઉમેરવો.
- ઠરાવ નંબર ૪૨માં શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તે અંગે 'શ્રી ગિરીશભાઈ રાણા શરતો રીર્ફ્રેમ કરશે'. ત્યાર બાદ વેરીફીકિશન સમિતિ અહેવાલ રજૂ કરશે. આ શબ્દ ઉમેરવો.
- ઠરાવ નંબર ૪૫માં ઉપરોકત શરતો 'મંજૂર કરવામાં આવે છે'. આ શબ્દ ઉમેરવો.

(૨) યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજ ઓફ એજયુકેશનનું નામ હવેથી "<u>ભરતભાઈ જેકીશનદાસ પટેલ કોલેજ ઓફ એજયુકેશન</u>" બારડોલી રહેશે જેને ટુંકમાં "<u>બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન</u>" નામ રાખવાનું ભારત એજયુકેશન ટ્રસ્ટ, બારડોલીની તા: ૨૯–૧૦–૦૩ના રોજ ટ્રસ્ટી મંડળની મળેલ સભામાં ઠરાવ ક્રમાંક : (૪) થી ઠરાવ્યું છે. તે અંગે પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા: ૨–૪–૦૩ના પત્રાંક: ૨/૪૪૧/૨૦૦૩–૦૪ થી કરેલ વિનંતી ઉપર

વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૩) એકેડમિક કાઉન્સિલે તેની તા: ૨૯–૧૨–૨૦૦૧ની સભાના ઠરાવ નં. ૪ અન્વયે, મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમો તેમજ ગુજરાતના નિયમો અંગે અધ્યક્ષશ્રી તબીબી વિદ્યાશાખા સાથે ઉપકુલપતિશ્રીએ ચર્ચા–વિચારણા કર્યા બાદ પ્રસ્તુત ઠરાવ અન્વયે, ઉપ–કુલપતિશ્રીને અપાયેલ સત્તાની રૂ એ મંજૂર કર્યા છે. પ્રસ્તુત નિયમો મંજૂર કરવા વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૪) કુલસચિવશ્રીની નિમણૂંક સામે નામદાર કોર્ટમાં ચાલતા સ્પેશીયલ સી.એ. ૮૬૩૩/૨૦૦૨માં આવેલ ચૂકાદાની નોંધ લેવા બાબત.

**(લીગલ સેલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લેવામાં આવી.

(૫) સુરતની સી.ડી.પચ્ચીગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૦૦૧ થી હોમિયોપેથિક ડિગ્રી અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. સદરહું બાબતમાં ડિપ્લોમા હોમિયોપેથિક કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ પોતાનો સમાવેશ ડિગ્રી કોલેજમાં કરી તેમના પગારધોરણ, સિનિયોરીટી અને તેમની સેવા તૂટ વગર તથા તમામ લાભો મળી રહે તેવી રજૂઆત સાથે ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રીટ અરજીના સંદર્ભમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે. સિવિલ એપ્લી નં. ૮૯૬૦/૨ થી તા: ૬–૯–૦૨ના રોજ ચૂકાદો આપતા પ્રસ્તુત અરજી કરનારાઓએ તેમની ઓથોરીટી સમક્ષ ચર્ચા વિચારણા કરી જેમ બને તેમ જલ્દી તેમની વિનંતી ગ્રાહય રાખી ઘટતું કરવા અને તે અંગેની જાણ ૩ મહિનામાં કરવા જણાવ્યું હતું. આ અંગે ઉપરોકત ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આજદિન સુધી કોઈ પ્રત્યુત્તર ન મળતા કર્મચારીઓના હિતમાં ઘટતું કરવાની વિનંતી કરતા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓના ઉલ્લેખ સાથે આચાર્યશ્રીના મળેલ તા: ૨૨–૩–૦૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચેના સભ્યોની સમિતિ બનાવી અહેવાલ રજૂ કરશે.

(૧) ડૉ જે.જે.ભટ્ટ– ઉપકુલપતિશ્રી

(૨) ડૉ.કે.આર.દેસાઈ

(૩) શ્રી હેમંતભાઈ ટોપીવાલા

(૬) કામરેજ (ચાર રસ્તા) ની શ્રીમતી વી.આર.ભકત શિક્ષણ મહાવિદ્યાલયને (બી.એડ.) સંચાલક મંડળની સીટ ફાળવવાની વિનંતી કરતા શ્રી ભારતીય વિદ્યામંડળના પ્રમુખશ્રી તરફથી મળેલ તા: ૨૮–૪–૦૩ના પત્રાંક: જા.નં./૧૧/૦૩–૦૪ પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કુલપતિશ્રીને સત્તા આપવી.

(૭) સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા પુણાગામ મુકામે સ્વનિર્ભર શારદા બી.એડ. કોલેજનું ૨૦૦૨–૨૦૦૩ થી નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર, એકેડેમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૨–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૨) અન્વયે, વિચારણા કરી સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા પુણાગામ મુકામે સ્વનિર્ભર શારદા બી.એડ. કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી નવું જોડાણ મેળવવા માટે સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ જોડાણની તરફેણ ન હોવાથી જોડાણ અંગેની અરજી દફતરે કરવી અને પ્રસ્તુત ટ્રસ્ટ જોડાણ અંગે પૂર્ણ તૈયારી કર્યા બાદ ફરીથી અરજી કરવાનું ઠરાવતાં, પ્રસ્તુત ઠરાવની જાણ સદરહુ ટ્રસ્ટને કરતાં ટ્રસ્ટીશ્રીએ તેમના તા:૨૪–૪–૦૩ના પત્રાંક: ૬૪–૦૩–૦૪ સાથે અરજી તથા જોડાણઅરજીની જરૂરી ફી યુનિવર્સિટીને મોકલી તે અંગે વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી.

(૧) પ્રા.અનીલભાઈ ગોયેલ (૨) પ્રા.ગિરીશભાઈ રાણા

(૩) આ.શ્રી નાનુભાઈ પટેલ (૪) ડૉ.ઉમેદસીગ

(૮) યુનિવર્સિટી મેથેમેટીકસ અનુસ્નાતક વિભાગના વડાશ્રી દ્વારા તા: ૨૧–૪–૨૦૦૩નો પત્ર ક્રમાંક નં. Mathes /P.G./2106/2003 થી એમ.એસસી.–૧ નાં નીચેના વિદ્યાર્થીની ખુટતી હાજરી કોન્ડોન કરવા સંદર્ભની ભલામણ મળેલ છે, જે <u>Ordinance 61-(I) (C)</u> ની જોગવાઈ મુજબ હોય, જે કોન્ડોન કરવાની સત્તા સિન્ડિકેટને હોય, તે પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કુલ લેકચર | મીનીમમ લેકચર એટેન્ડેડ | વિદ્યાર્થીની હાજરી અને ટકા | ખુટતી હાજરી અને ટકા | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧. | નાયક શૃતિ એમ. | ૨૪૦ | ૧૮૦<br>૭૫ % | ૯૮<br>૪૧ % | ૮૨<br>૩૪ % | તબીબી પ્રમાણપત્ર રજુ કરેલ છે. |
| ૨. | ઉમરીયા ભૌનીતકુમાર એમ. | ૨૪૦ | ૧૮૦<br>૭૫ % | ૯૮<br>૪૧ % | ૮૨<br>૩૪ % | તબીબી પ્રમાણપત્ર અને વિનંતી પત્ર રજુ કરેલ છે. |

**Ordinance 61-(I) (C)**

Deficiency upto 25 % and up to 40 % ( I.e. Where attendance is 50 % and 35 % ) by the Syndicate.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૯) સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજીના આચાર્યશ્રીએ તેમના તા: ૧૭–૪–૦૩ના પત્રાંક: સ્કેટ/એકેડ/૭૪/૦૩ ધ્વારા યુનિવર્સિટી પરીક્ષાઓ લંબાવાને કારણે ઈજનેરી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોની શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ની સુધારેલ સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કરવાના કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**(શૈક્ષણિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કુલપતિશ્રીનાં પગલાની નોંધ લીધી.

(૧૦) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવની જગા ત્રણ માસમાં ભરવા માટેના ગુજરાત હાઈકોર્ટની તા. ૨૧–૪–૨૦૦૩ નીસિવિલ એપ્લીકેશન નં. ૮૬૩૩–૨૦૦૨ સામે આવેલ નિર્ણય અંતર્ગત આ જગા પૂરવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિચારણા કરવા બાબત.

**(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કુલસચિવની જગા ત્રણ માસમાં ભરવા માટેની જરૂરી કાર્યવાહી કરવી.

(૧૧) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંના હાઈકોર્ટના આદેશ ક્રમાંક : ૮૬૩૩ તા. ૨૧–૪–૦૩ અન્વયે, ત્રણ માસમાં કુલસચિવની જગા ભરવાના આપેલ આદેશ અન્વયે O.37(i)(v) અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ સંદર્ભમાં પસંદગીસમિતિની રચના કરવા માટે બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત

**(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કુલસચિવની જગા ભરવા માટેની પસંદગીસમિતિની બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૨) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ભૂતપૂર્વ યોજના અધિકારી અને હાલના નાયબ કુલસચિવશ્રી જે.કે.વનપરીયા ને

(૧) તા. ૧૨–૧૨–૮૩ થી જોડાયેલી તારીખથી મળવાપાત્ર હકક રજા જમા કરવા અને તેમાંથી ભોગવેલ LWP રજાઓ બાદ કરવા તેમજ બાકી રહેતી હકક રજાઓનું નિયમોનુસાર (૧૯૯૭ વર્ષ પહેલાની હકક રજાનું) રોકડમાં રૂપાંતર કરવા.

(૨) માંદગીની રજાઓ જમા કરવા.

(૩) સને ૨૦૦૦ માં બનાવેલ ભૂલવાળી સર્વિસબુક રદ કરી નવી બનાવવા.

(૪) ૧૯૯૨ થી નિરંતર શિક્ષણની ગ્રાંટ બંધ થઈ ત્યાં સુધી (યુ.જી.સી.ની ગ્રાંટ આવી ત્યાં સુધી)

મળવાપાત્ર સિનિયર સ્કેલ આપવા અંગે વિચારણા કરવા બાબત. **(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં તમામ વિગતો તથા કાર્યાલય નોંધ સાથે બાબત ફરીથી રજૂ કરવી.

(૧૩) યુનિવર્સિટી તરફથી એપ્રિલ/મે– ૨૦૦૩ માં લેવાયેલ અને ત્યાર બાદ લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રિ–પ્રિન્ટેડ કોમ્પ્યુટરાઈઝડ માર્કશીટમાં જરૂરી સુધારા કરવા માટે કુલપતિશ્રીએ નિમેલ સમિતિની તા.૧૯–૫–૨૦૦૩ની ભલામણો તથા તેમાં ઠરાવ્યા અનુસાર ટેન્ડર વગેરેથી પ્રક્રિયામાં ખાસસો એવો સમય જાય તેમજ ગુપ્તતા વગેરે જોતા તથા અગાઉ ટેકનિકલ અને કોમર્સીયલ બીડમાં સફળ થયેલ અને યુનિવર્સિટીમાં સેનેટની ચૂંટણી, પદવી પ્રમાણપત્રો, પ્રશ્નપત્રો વગેરેનું વર્ષોથી છાપકામ અત્યંત ચોકસાઈ પૂર્વક સફળતાથી કરનાર, ગુપ્તતા જાળવનાર તથા અતિ આધુનિક સાધનો અને સગવડ ધરાવનાર, સરકારી સ્ટેમ્પ, ચેક બુક, ડ્રાફટ વગેરેનું ઓછો હોય, કોઈ નકલ ાઈવાળા તથા પ્રેસ કોન્ફરન્સમાં કરેલ જાહેરાત અને બતાવેલ નમૂના મુજબ આ કામગીરી આ વર્ષ કામ કરનાર તથા અન્ય યુનિવસિ ન કરી શકે તેવી, સમિતિમાં નકકી થયા મુજબ વિશિષ્ટ પ્રકારની જોગવટીનું પણ આવું કામ કરનાર પ્રેસ પાસે અપવાદ તરીકે આ પ્રથમ વખત હોય, સમય પૂરતું આ પ્રેસ પાસે કરાવી એપ્રિલ/મે– ૨૦૦૪ વર્ષ અને ત્યાર પછી ટેન્ડરની વિધિ કર્યા બાદ કામગીરી કરાવવાનું રાખીયે. તેનો અમલ એપ્રિલ/મે–૨૦૦૩ની પરીક્ષાઓથી કરવો હોય તો પ્રેસ તરફથી

મળેલ ઓફર પર વિચારણા કરી તે પ્રેસ પાસે છપાવવા વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતામાં કુલપતિશ્રીએ નિમેલ સમિતિનાં અહેવાલની નોંધ લેવી.

(૧૪) એમ.બી.એ./ એમ.એસ.સી.(આઇ.ટી)/ એમ.સી.એ./ ડી.સી.એ./ બી.સી.એ. અને બી.બી.એ.નો અભ્યાસક્રમ ચલાવતી શૈક્ષણિક સંસ્થાઓ માટેની શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ ની સત્રવ્યવસ્થા સિન્ડિકેટે તેની તા.૩–૧૦–૨૦૦૨ ની સભાના ઠરાવ ક્રમાંક: ૧૧ અન્વયે, નકકી કરી હતી, જે પૈકી બી.સી.એ. અભ્યાસક્રમની નીચે જણાવેલ સત્રવ્યવસ્થામાં બી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ માટે ઉનાળુ વેકેશન તથા શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ નું પ્રથમ સત્ર શરૂ થવાનો પ્રથમ દિવસ નકકી કરેલ નથી જે નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

**બી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતી શૈક્ષણિક સંસ્થાઓ માટેની**

**શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ ની સત્ર વ્યવસ્થા**

- Diwali Vacation 31-10-2002 to 12-11-2002
- Semester break 26-12-2002 to 8-1-2003
- Teaching of even semester ie. 2nd , 4th & 6th will start from 9-1-2003 Result be declared before common entrance test of MBA/ MCA

| SEMESTER | THEORY | PRACTICAL |
|---|---|---|
| I | 13- Nov-02 MORNING | 21- Nov- 02 |
| II | 24- Oct-02 MORNING | 22-Oct- 02 |
| III | 21- Nov-02 MORNING | 05- Dec- 02 |
| IV | 24- Oct-02 EVENING | 21- Oct- 02 |
| V | 13- Nov-02 EVENING | 28- Nov- 02 |

- ATKT exam of 2nd & 4th before Diwali Vacation & regular exams after Diwali Vacation.
- Exam of 6th semester be taken in 2nd week of March & exams of other semesters be taken from 3rd week of May 2003. **(શૈક્ષણિક વિભાગ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં બી.સી.એ.નું નવુ સત્ર તા.૨–૭–૨૦૦૩ થી શરૂ કરવું. એટલે કે આર્ટસ, સાયન્સ, કોમર્સ તથા અન્ય વિદ્યાશાખા સાથે વર્ષ ૨૦૦૩–૦૪નું પ્રથમ સત્ર શરૂ કરવું.

(૧૫) ઇન્ફલીબનેટ અમદાવાદ તરફથી યુનિવર્સિટીની ઇન્ટરનેટ કનેકટીવીટી માટે આવેલ દરખાસ્ત/પત્ર ક્રમાંક INF/SMS/40/SGU/2003 તા. ૨–૪–૨૦૦૩ પર વિચારણા કરવા બાબત.

**(કોમ્પ્યુટર વિભાગ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવી તથા ૧૦ ટકા રકમ યુનિવર્સિટીના સેલ્ફ ફાઈનાન્સમાંથી આપવી.

(૧૬) યુનિવર્સિટીના કેમેસ્ટ્રી બિલ્ડીંગમાં એક્ષસ્ટેનશન બાંધકામનો વધારાનો ખર્ચ (રીવાઈઝ એસ્ટીમેન્ટ મુજબ) મંજૂર કરવા બાબત. **(એસ્ટેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કેમેસ્ટ્રી બિલ્ડીંગમાં વધારાના બાંધકામનો ખર્ચ ટેન્ડરમાં દર્શાવેલ રકમ ઉપરાંતનો (રીવાઈઝ એસ્ટીમેન્ટ મુજબ/આર્કીટેકટ તરફથી મળેલ) ખર્ચ મંજૂર કરવામાં આવે છે.

યુનિવર્સિટી કાર્યાલય

સુરત. તા: ૬–૫–૨૦૦૩ કુલસચિવ

ક્રમાંક : એસ–૧(૧)/૩૮૭૪ તા: ૬–૫–૨૦૦૩

પ્રતિ,

સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............